પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૬૭ | ૮ ડિસેમ્બર, ૨૦૧૮, શનિવાર; માગશર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજસ્થાન-તેલંગાણામાં જંગી મતદાન

## રાજસ્થાનમાં ૭૨ ટકા અને તેલંગાણામાં ૬૫ ટકાથી વધુ મતદાન : ૧૧મીએ ફેંસલો : અંતે રાજસ્થાનમાં ૨૨૭૪ ઉમેદવારો અને તેલંગાણામાં ૧૮૨૧ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ : પાંચેય રાજ્યોમાં ૧૧મીએ મતગણતરીની પ્રક્રિયા





હૈદરાબાદ,તા. ૭
રાજસ્થાન અને તેલંગાણામાં સઘન સુરક્ષા અને ભારે ઉત્સાહ વચ્ચે આજે બમ્પર મતદાન થયું હતું. ઉંચા મતદાન બાદ ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. પાંચેય રાજ્યોમાં હવે મતદાનની પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ચુકી છે. મતગણતરી ૧૧મી ડિસેમ્બરના દિવસે હાથ ધરાશે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, મિઝોરમ અને તેલંગાણામાં કોની સરકાર બનશે તે અંગેનો ફેંસલો હવે ૧૧ના દિવસે થશે. આજે રાજસ્થાનમાં ૭૨ ટકાથી પણ ઉંચુ મતદાન થયું હતું. સાંજે પાંચ વાગ્યા સુધી રાજ્યમાં ઉંચુ મતદાન નોંધાયું હતું જ્યારે તેલંગાણામાં પણ ૬૫ ટકાથી ઉંચુ મતદાન થયું હતું. તમામ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. જે ૧૧મી ડિસેમ્બરના દિવસે જ જાણી શકાશે. અગાઉ આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. મતદાન શરૂ થતાની સાથે જ સવારમાં જ કેટલાક મતદાન મથકો પર તો લાંબી લાઈન જોવા મળી હતી. જ્યારે કેટલાક મતદાન મથકો પર સવારમાં ઠંડીના કારણે ઓછા મતદારો પહોંચ્યા હતા. તેલંગણામાં સવારે સાત વાગ્યા અને રાજસ્થાનમાં સવારે આઠ વાગે મતદાનની શરૂઆત થઈ હતી. શરૂઆતી કલાકમાં જ રાજસ્થાનમાં સાત ટકાની આસપાસ મતદાન થઈ ગયુ હતુ. સવારે મતદાનની શરૂઆત થયા બાદ સામાન્ય મતદારોથી લઈને નેતા અને અભિનેતા અને અન્ય લોકો મતદાન કરવા માટે પહોંચ્યા હતા. બંને રાજ્યોમાં મતદાન કરવા માટે મતદારો ભારે ઉત્સાહિત દેખાયા હતા. હાઈવોલ્ટેજ અને હાઈ પ્રોફાઈલ વિધાનસભા ચૂંટણી માટે ઝંઝાવતી પ્રચાર રહ્યા બાદ આજે મતદાન થયું હતું. બંને રાજ્યોમાં મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા શરૂઆતથી જ સજ્જ દેખાયા હતા. બંને રાજ્ય સહિત અન્ય ત્રણ રાજ્યમાં ક્યાં કોંણ બાજી મારશે અને કોની સરકાર બનશે તો અંગે હવે ૧૧મી ડિસેમ્બરના દિવસે જાણી શકાશે. એકબાજુ રાજસ્થાનમાં ૪.૭૫ કરોડ મતદારો પૈકીના મોટા ભાગના મતદારો ૨૨૭૪ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે મતદાન કરવા નિકળ્યા હતા અનો ૭૨ ટકાથી પણ વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. છત્તિસગઢ, મિઝોરમ, મધ્યપ્રદેશમાં મતદાનની પ્રક્રિયા પહેલાથી જ પૂર્ણ થઈ ગઈ હતી. છેલ્લા થોડાક દિવસમાં

● અનુસંધાન પાન-૭ પર

### મધ્યપ્રદેશ એક્ઝિટ પોલ

| | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| એક્સિસ માઈઈન્ડિયા-ઈન્ડિયા ટુડે | ૧૦૨-૧૨૦ | ૧૦૪-૧૨૨ | ૪-૧૧ |
| ટાઈમ્સ નાઉ-સીએનએક્સ | ૧૨૬ | ૮૯ | ૧૫ |
| એબીપી-લોકનીતિ | ૯૪ | ૧૨૬ | ૧૦ |
| ઈન્ડિયા ન્યુઝ-નેતા | ૧૦૬ | ૧૧૨ | ૧૨ |
| રિપબ્લિક સી વોટર | ૧૦૮-૧૨૮ | ૯૫-૧૧૫ | ૦૭ |
| ન્યુઝ નેશન | ૧૧૦ | ૧૦૭ | ૧૩ |
| ટુડે-ચાણક્ય | ૧૦૩ | ૧૨૫ | ૦૨ |
| ન્યુઝ૨૪-પેસ | ૧૦૩ | ૧૧૫ | ૧૨ |
| જનકી બાત | ૧૦૮-૧૨૮ | ૯૫-૧૧૫ | ૦૭ |

### રાજસ્થાન એક્ઝિટ પોલ

| | | | |
|---|---|---|---|
| એક્સિસ માઈ ઈન્ડિયા-ઈન્ડિયા ટુડે | ૫૫-૭૨ | ૧૧૯-૧૪૧ | ૦૧-૧૧ |
| ટાઈમ્સ નાઉ-સીએનએક્સ | ૮૫ | ૧૦૫ | ૦૯ |
| રિપબ્લિક સી વોટર | ૮૩-૧૦૩ | ૮૧-૧૦૧ | ૧૫ |
| ન્યુઝ નેશન | ૮૯-૯૩ | ૯૯-૧૦૩ | ૦૦ |
| જન કી બાત | ૯૩ | ૯૧ | ૧૫ |

### છત્તીસગઢ એક્ઝિટ પોલ

| | | | |
|---|---|---|---|
| ટાઈમ્સ નાઉ-સીએનએક્સ | ૪૬ | ૩૫ | ૦૯ |
| ઈન્ડિયા ટુડે-માય એક્સિસ | ૨૬ | ૬૦ | ૦૪ |
| ન્યુઝ નેશન | ૪૦ | ૪૨ | ૦૮ |
| જન કી બાત | ૪૪ | ૪૦ | ૦૬ |
| સી વોટર | ૩૯ | ૪૬ | ૦૫ |

### તેલંગાણા એક્ઝિટ પોલ

| | ટીઆરએસ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ઈન્ડિયા ટુડે-માય એક્સિસ | ૮૫ | ૨૭ | ૦૭ |
| ટાઈમ્સ નાઉ-સીએનએક્સ | ૬૬ | ૩૭ | ૧૬ |
| રિપબ્લિક-જન કી બાત | ૫૦-૬૫ | ૩૮-૫૨ | ૨૨ |
| સી વોટર | ૫૪ | ૫૩ | ૧૨ |
| ન્યુઝ નેશન | ૫૫ | ૫૩ | ૧૧ |

## ન્યુઝ ટ્રેક

### રોબર્ટ વાડરાની મુશ્કેલીઓ વધી

ઈન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના બનેવી રોબર્ટ વાડરાના સહયોગીઓના દિલ્હી અને બેંગલુરુ સ્થિત સ્થળોએ દરોડા પાડ્યા છે. વિદેશોમાં સંપતિઓ ઉભી કરવાના મામલે આ દરોડા પાડવામાં આવ્યા હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે.

### ડો. કૃષ્ણમૂર્તિ મુખ્ય આર્થિક સલાહકાર

ડૉ. કૃષ્ણમૂર્તિ સુબ્રમણ્યમને દેશના આગામી મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિયુક્તિ આપવામાં આવી છે. તેઓ હાલમાં ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ હૈદરાબાદમાં પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ત્રણ વર્ષ સુધી આર્થિક સલાહકાર તરીકે કાર્ય કરશે.

### કેદારનાથ ફિલ્મ વિરૂદ્ધ ઉત્તરાખંડમાં દેખાવો

ઉત્તરાખંડમાં સારા-અલીખાન અને સુશાંતસિંહ રાજપૂતની ફિલ્મ 'કેદારનાથ' વિરૂદ્ધ સતત દેખાવો થઈ રહ્યા છે. વિરોધના કારણે ઉત્તરાખંડના સાત જિલ્લાઓમાં ફિલ્મની રીલીઝ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

# સોરાબુદ્દીન પ્રકરણમાં ૨૧ ડિસેમ્બરે ચુકાદો જાહેર થશે

## તર્કદાર દલીલોનો દોર પરિપૂર્ણ કરી લેવાયો : મુંબઈની ખાસ અદાલત સોરાબુદ્દીન અને તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસ અને કોસરબી મામલે ચુકાદો જાહેર કરશે

મુંબઈ, તા. ૭
કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ)ની એક ખાસ અદાલત રાજકીય રીતે મહત્વપૂર્ણ ગણાતા સૌરાબુદ્દીન અનવર શેખ, તુલસીરામ પ્રજાપતિ એન્કાઉન્ટર મામલા અને કૌસરબી હત્યા મામલામાં ૨૧મી ડિસેમ્બરના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે. મામલામાં અંતિમ ચર્ચા ૩જી ડિસેમ્બરના દિવસે શરૂ કરવામાં આવી હતી. સીબીઆઈની ખાસ અદાલતમાં સુનાવણી ચાલી હતી. સીબીઆઈના ખાસ ન્યાયાધીશ એસજે શર્માની સમક્ષ પાંચમી ડિસેમ્બરના દિવસે સુનાવણી અને ચર્ચા પૂર્ણ કરી લેવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫ દરમિયાન ગેંગસ્ટર સોરાબુદ્દીન અને પ્રજાપતિને કથિત બનાવટી એન્કાઉન્ટરમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સોરાબુદ્દીનના પત્નિ કોસરબી લાપત્તા થવાને લઈને દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે, સોરાબુદ્દીનના સંબંધ આતંકવાદી સંગઠન લશ્કરે તોઈબા સાથે હતા અને તે એક મહત્વપૂર્ણ નેતાની હત્યાના કાવતરામાં સામેલ હતો. તત્કાલિક મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હત્યાનું

● અનુસંધાન પાન-૭ પર











